જમીનની માપણી કરવા માટેની અરજી iORA પોર્ટલ પરથી, સ્વીકારવા તથા જમીન દફતર કચેરીની માપણીની કામગીરી iMojni થી ઓનલાઇન કરવા બાબત

મહેસૂલ વિભાગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક: સીટીએસ/૧૩૨૦૧૯/૧૫૧૯/હ
તા. ૦૭/૦૮/૨૦૨૦.

વંચાણે લીધુ

(૧) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રીનો તા. ૨૦-૦૯-૧૯૯૪ નો પરિપત્ર ક્રમાંક: એલ.આર.એસ.આર.૧૪૫૨

(૨) સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામકશ્રીનો તા. ૧૦-૦૧-૨૦૨૦ નો હુકમ ક્રમાંક: એ.આર.૨૨૭/માપણી ફી દર/૨૦૧૯-૨૦

આમુખ:

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ટેક્નોલોજીના ઉપયોગ થકી પ્રજા ને કર્મચારી સાથે સીધા સંપર્ક વિના (Faceless Administration) સેવાઓ મેળવી શકે તે અંગે ઓનલાઇન સેવાના ઉપયોગ થકી વિવિધ મહેસૂલી સેવાઓને ઓનલાઇન કરવામાં આવી રહી છે. મહેસૂલી સેવાઓ ઓનલાઇન થવાથી કાર્યપધ્ધતિ ઝડપી, સરળ અને પારદર્શક બનેલ છે.

જમીન દફતર ખાતાની કચેરીઓમાં માપણી માટેની અરજી કરવાની પ્રક્રિયા ઝડપી અને અરજદાર દ્વારા કચેરીના સીધા સંપર્ક વગર હાથ ધરાય તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા વધુ એક મહેસુલી સેવા " જમીનની માપણી પૈકી જમીનની હદ માપણી, હિસ્સા માપણી અને પૈકી માપણી કરાવવા માટેની અરજી" iORA પોર્ટલથી ઓનલાઇન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ અંગે iORA પોર્ટલ પર અરજદારને અરજી કરવા તેમજ જમીન દફતર ખાતાની કચેરીઓને માપણી કામગીરી imojni એપ્લીકેશન મારફત કરવા નીચે મુજબની સુચનાઓ પરિપત્રીત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે સક્રિય વિચારણા કરીને નીચે મુજબની સૂચના પરિપત્રીત કરવામાં આવે છે.

પરિપત્ર:

1. iORA પોર્ટલ ઉપર ઉપલબ્ધ વિવિધ માપણી અંગેની અરજી ફક્ત ઓનલાઇન કરવાની રહેશે. અરજદારોને ઓનલાઇન અરજી કરવા માટે નીયત નમુનાનું ફોર્મ સીસ્ટમ પરથી જ જનરેટ થશે અને તે અંગેનું માર્ગદર્શન iORA પોર્ટલ ઉપર ઉપલબ્ધ રહેશે.
2. માપણી માટેની ઓનલાઇન અરજી ગ્રામ પંચાયત કચેરી માંથી પણ પંચાયત વિભાગ દ્વારા નક્કી થયેલ દરે કરી શકાશે.
3. જો કોઇ અરજદારને ઓનલાઇન અરજી કરવામાં અગવડતા હોય તો જિલ્લા નિરિક્ષક જમીન દફતર કચેરી માં હેલ્પ ડેસ્ક નો સંપર્ક કરી ને તેઓની સહાય થી પણ ઓનલાઇન અરજી કરી શકાશે. આ માટે તમામ જિલ્લા નિરિક્ષક જમીન દફતર ની કચેરી માં હેલ્પ ડેસ્ક ની સુવિધા માટે એક કર્મચારી ને અરજદારો ને મદદરૂપ થવાની કામગીરી ફાળવવાની રહેશે.
4. પ્રથમ તબક્કામાં ખેડૂત ખાતેદારો દ્વારા કરવામાં આવતી હદ માપણી, હિસ્સા માપણી અને પૈકી માપણીની અરજી ઓનલાઇન કરી શકાશે ત્યારબાદ અન્ય પ્રકાર ની માપણી અરજી તબક્કાવાર ઓનલાઇન કરવામાં આવશે.
5. દરેક સરવે નંબર દીઠ અરજદારે અલગ માપણી અરજી કરવાની રહેશે, પરંતુ હિસ્સા માપણીના અને હદ માપણીના કિસ્સામાં એકજ સરવે નંબરના પૈકી પાનીયા હશે તો જરૂરી હોય તેટલા પૈકી નંબરોને માપણી માટે એક જ અરજીમાં પસંદ કરી શકાશે.
6. માપણી ની અગ્રતા બે પ્રકાર ની રહેશે:

   ૧) સાદી માપણી (જેનો નિકાલ પેમેન્ટ રીસીપ્ટ જનરેટ થયેથી દિન ૬૦ માં કરવાનો રહેશે)

   ૨) અરજન્ટ માપણી (જેનો નિકાલ પેમેન્ટ રીસીપ્ટ જનરેટ થયેથી દિન 30 માં કરવાનો રહેશે)

7. હિસ્સા માપણીના કિસ્સામાં ગા.ન.નં.૭ માં ચાલતા તમામ કબજેદારો/ હિસ્સેદારોના હિસ્સા, ક્ષેત્રફળ,ચર્તુદિશા વિગેરે બાબતો ની સંમતી અંગે સિસ્ટમ જનરેટેડ સોગંદનામા ની પ્રિન્ટ જરૂરી સ્ટેમ્પ પેપર નો ઉપયોગ કરીને નોટરાઇઝડ કરાવી અપલોડ કરવાનું રહેશે. જો ગા.ન.નં.૭ માં ચાલતા કબજેદારોના નામ થી ઓછા કબજેદારોનુ હિસ્સા માપણી અંગેનુ સોગંદનામુ અપલોડ કરેલ હશે તો માપણી કરવામાં આવશે નહિ. માપણી કરનાર સર્વેયરે તમામ કબ્જેદારોની સહિ સોગંદનામામા હોવા અંગે ખાત્રી કરવાની રહેશે. જો તમામ કબજેદારો ની સહિ સોગંદનામામાં નહિ હોય તો તેવા કારણે

માપણી નહિ થઇ શકાવાના કિસ્સામાં માપણી ફી ફોરફીટ થશે તથા માપણી અરજી રીજેક્ટ થશે.

8. હદ તથા પૈકી માપણીના કિસ્સામાં સિસ્ટમ જનરેટેડ સંમત્તિ પત્રક માં સહિ કરી અપલોડ કરવાનું રહેશે. એક થી વધુ કબજેદારો પૈકી અરજદાર અને સહિ કરવા સંમત કબજેદારો ની સહિ હશે પરંતુ તમામ કબજેદારોની સહિ નહિ હોય તો પણ માપણી કરવાની રહેશે.

9. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ સિવાયના સર્વે નંબરમાં કબજો હશે તો માપણી કરવામાં આવશે નહિ અને સર્વેયર તે અંગે પંચરોજકામ કરીને તેને સીસ્ટમ માં અપલોડ કરશે. આવા કિસ્સામાં અરજદાર ની માપણી ફી ફોરફીટ થશે તથા માપણી અરજી રીઝેક્ટ થશે.

10. દરેક અરજીની માપણી ફી ની ગણતરી સિસ્ટમ દ્વારા કરવામા આવશે, તેમજ ફી ઓનલાઇન ભરવાની રહેશે. માપણી કામગીરી બાદ અરજદારને માપણી શીટની સોફ્ટકોપી (સ્કેન કોપી) ઇ-મેલથી મોકલવાની રહેશે. અરજદારને માપણીશીટ ઇ-મેઇલ થી મોકલ્યા થી દિન-30 માં માપણી શીટની એક હાર્ડકોપી પ્રથમ વખત અલગથી કોઇ ફી વસુલ્યા વિના જિલ્લા નિરીક્ષક જમીન દફતરની કચેરીએથી પુરી પાડવાની રહેશે. સમયમર્યાદા પછી જરુરી નકલ ફી ભર્યે થી માપણીશીટ ની નકલ પુરી પાડવાની રહેશે.

11. માપણી માટે નિયત કરેલ તારીખ ની જાણ અરજદારને ડીજટલ માધ્યમથી અરજીમાં જણાવેલ ફોન નંબર પર SMS અને Email પર કરવામાં આવશે.

12. માપણી માટે આપેલ નિયત તારીખે કાબુ બહાર ના સંજોગો જેવા કે કુદરતી આફત, વરસાદ, કોર્ટ મેટર , મેડીકલ ઇમરજન્સી , કોઇ જરુરી વહિવટી કામ અથવા અન્ય કોઇ કારણે સર્વેયર માપણી કરવા ફાળવેલ તારીખ અને સમયે જઇ શકે નહિ તો સોફ્ટવેર માં તે અંગે નુ કારણ દર્શાવી ને અરજદાર ને માપણી માટે બીજી તારીખ અને સમય ની SMS અને E-Mail થી જાણ કરવામાં આવશે અને તે અંગે અરજદાર પાસે થી કોઇ વધારા ની ફી વસુલવાની રહેશે નહિ.

13. સર્વેયર દ્વારા માપણી ની તારીખ ની જાણ અરજદાર ને SMS અને E-Mail થી કર્યા બાદ જો અરજદાર ના કાબુ બહાર ના કોઇ સંજોગો ને કારણે અરજદાર તે તારીખે હાજર રહી શકે તેમ ન હોય તો અરજદારે પોર્ટલ ઉપર ફાળવેલ માપણી ની તારીખ ના દિન-૫ પહેલા તે મતલબ ની રીક્વેસ્ટ જનરેટ કરવાની રહેશે. સર્વેયરે માપણી માટે નીકળતા પહેલા અરજદારે આવી કોઇ રીક્વેસ્ટ જનરેટ કરેલ છે કે કેમ તેની ચકાસણી પોર્ટલ ઉપર કરવાની રહેશે અને જો રીક્વેસટ જનરેટ થયેલ હોય તો તેવી રીક્વેસ્ટ